
તા. ૨૦.૦૩.૨૦૨૫

સંદેશ (ગાંધીનગર આવૃત્તિ), પાના નં. ૦૧

### નવા રૂટ પર મેટ્રોરેલની ટ્રાયલ રન કરાઈ

# સે-૧થી મહાત્મા મંદિર સુધીના મેટ્રોરેલનું મોટાભાગનું કામ પૂર્ણ

## ટૂંક સમયમાં જ મેટ્રોરેલ મહાત્મા મંદિર સુધી દોડશે



। ગાંધીનગર ।

મેટ્રોટ્રેનના સેકન્ડ ફેઝના બાકી રહેલા સેક્ટર-૧ થી મહાત્મા મંદિર સુધીના કોરીડોરની મોટાભાગની કામગીરી પુર્ણ થઈ છે. જેના પગલે આજે મેટ્રોરેલની નવા આકાર પામેલા રૂટ પર ટ્રાયલ રન કરાઈ હતી. જેના પગલે ટુંક સમયમાં જ મેટ્રોરેલ સેક્ટર-૧ થી મહાત્મા મંદિર સુધી દોડશે.

ઉલ્લેખનીય છેકે, ગાંધીનગરમાં મેટ્રોરેલનો પ્રારંભ થઈ ચુક્યો છે. જોકે, સેક્ટર-૧ થી મહાત્મા મંદિર સુધીના કોરીડોરનું કામ બાકી હોય ટ્રેન માત્ર સેક્ટર- ૧થી મોટેરા અને ત્યાંથી અમદાવાદ વચ્ચે જ દોડતી હતી. બાકી રહેલું કામ યુધ્ધના ધોરણે શરૂ કરવામાં આવ્યુ હતું. સેક્ટર- ૧ સ્ટેશનથી મહાત્મા મંદિર વચ્ચે સાત સ્ટેશનો આવે છે. જેમાં સેક્ટર-૧૦-એ, સચિવાલય, પથિકાશ્રમ, જુના સચિવાલય, સેક્ટર-૧૬, સેક્ટર-૨૪ મહાત્મા મંદિર સ્ટેશનનો સમાવેશ થાય છે. આ સાડા સાત કિલોમીટરના રૂટનું મોટાભાગનું કામ પુર્ણ થયુ છે. જેના પગલે આજે ઉપરોક્ત નવા ટ્રેક પર મેટ્રોરેલની ટ્રાયલત રન કરવામાં આવી હતી.